# માતાને સ્વપ્નાં લાધ્યાં ને.......

માતાને સ્વપ્નાં લાધ્યાં ને ઝબકીને જાગ્યાં ઉજમબા,
સ્વપ્નાં એ મીઠડાં લાગ્યાં ને દુંદુભિ વાગ્યા ઉજમબા. ૧.

જોયું હૃદયમાં જાગી ને નીંદડી ત્યાગી ઉજમબા,
કૂખે આવ્યા છે બડભાગી ને ભાવઠ ભાંગી ઉજમબા. ૨.

માતાને ઉછરંગ આવ્યો ને સંદેશો સુણાવ્યો ઉજમબા,
માતપિતાને હર્ષ ન માયો, જોષીને તેડાવ્યો ઉજમબા. ૩.

જોષીએ જોષ એમ જોયા ને મનડાં મોહ્યાં ઉજમબા;
કાં કોઈ નગરીનો રાયા કે જગ-તારણહારો ઉજમબા. ૪.

મીઠડાં ફળ એમ સુણ્યાં ને ઉછરંગ આવ્યા ઉજમબા;
પરમ પુરુષ એ જન્મ્યા ને તેજ ઉભરાણાં ઉજમબા. ૫.

તેજ દેખીને માત મોહ્યાં ને 'કહાન' નામ રાખ્યા ઉજમબા;
માતને કાનુડા પ્યારા કે અજબ બાળલીલા ઉજમબા. ૬.

કહાને એવી બંસરી બજાવી રે આત્મનાદ ગજાવ્યા ઉજમબા;
થયો ધર્મ-ધુરંધર ધોરી કે જગ—તારણહારો ઉજમબા. ૭.

*